દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦/૨૦૧૩/૮૩૩૯૬૦/ન.બા.૮/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૧૦/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૩૧/૦૭/૨૦૧૪નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૬/૦૮/૨૦૧૫નો ઠરાવ.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૧/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૦૬ /૩૦૯૧૪૨/છ.૧

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૭/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૮ /૭૦૪૭૬૨/છ.૧

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૮/૦૬/૨૦૨૦નો પત્ર ન.અપગ/દિવ્યાંગ લગ્ન સહાય/૨૦-૨૧/૪૮૬.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૩૧/૦૭/૨૦૧૪ના ઠરાવથી દિવ્યાંગથી દિવ્યાંગ અને દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિઓ સાથે થતાં લગ્ન માટે આર્થિક સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૨૬/૦૮/૨૦૧૫ના ઠરાવથી પ્રસ્તુત યોજનાના સરળ અમલીકરણ માટે જોગવાઈઓ અને ધારાધોરણ નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના તા.૨૧/૦૫/૨૦૧૬ના ઠરાવથી આ યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ વ્યક્તિ લગ્ન કરે તેવા કિસ્સામાં બંન્ને વ્યક્તિને રૂ. ૫૦૦૦૦ + ૫૦૦૦૦ મળીને કુલ રૂ.૧૦૦૦૦૦/- ની સહાય તેમજ દિવ્યાંગ વ્યક્તિથી સામાન્ય વ્યક્તિના કિસ્સામાં દિવ્યાંગને રૂ. ૫૦૦૦૦/- મળવાપાત્ર છે એમ ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના વિભાગના તા.૨૭/૧૨/૨૦૧૯ના ઠરાવથી The Rights of Persons with Disabilities Act, 2016 મુજબ આ યોજનાનો લાભ મેળવવા માટે લાયક ૨૧ પ્રકારની દિવ્યાંગતાની ટકાવારી અને શ્રેણી નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના તા.૦૮/૦૬/૨૦૨૦ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં સુધારો કરવા બાબતે કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

[પાછળ]

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા તા.૦૮/૦૬/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં સુધારો કરી, નીચે મુજબની શરતો ઉમેરવામાં આવે છે.

(૧) દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ લગ્નની તારીખથી થયેથી બે વર્ષની સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે.

(૨) બે અલગ અલગ જિલ્લામાં રહેતી દિવ્યાંગ વ્યક્તિના લગ્નના કિસ્સામાં, દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો લાભ મેળવવા માટેની અરજી, દંપતીએ લગ્ન બાદના દિવ્યાંગ દંપતીના કાયમી વસવાટના જિલ્લામાં કરવાની રહેશે. અરજી મંજૂર કરનાર જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ અન્ય જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને અરજી મંજૂર કર્યા અંગેની જાણ કરવાની રહેશે.

(૩) દિવ્યાંગ અરજદાર અન્ય રાજ્યમાંથી દિવ્યાંગ સ્ત્રી જોડે લગ્ન કરે તેવા કિસ્સામાં બન્ને દિવ્યાંગ પતિ-પત્નિને આ યોજનાનો લાભ નિયત પુરાવા રજુ કરેથી મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અરજદાર અન્ય રાજ્યમાંથી દિવ્યાંગ સ્ત્રી જોડે લગ્ન કરે તેવા કિસ્સામાં અરજદાર સ્ત્રી પાસેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ સ્ત્રી લાભાર્થીએ તેના રાજ્યમાંથી દિવ્યાંગ લગ્ન સહાય મેળવેલ નથી, તે અંગેની બાંહેધરી મેળવી લેવાની રહેશે.

(૪) આ યોજનાનો લાભ લેવા માટે અરજદારે લગ્ન નોંધણી અંગેનું સક્ષમ સત્તામંડળનું પ્રમાણપત્ર ફરજિયાત પણે રજુ કરવાનું રહેશે.

આ યોજનાની અન્ય તમામ શરતો / વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સર્વે સેક્શન અધિકારીશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.